પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૯ | ૩૧ માર્ચ, ૨૦૧૭, શુક્રવાર ; ચૈત્ર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### યોગીને ઝેડ પ્લસ સીક્યોરીટી



ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને ઝેડ પ્લસ સીક્યોરીટી ફાળવવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે. અગાઉ તેઓ હંમેશા ચર્ચામાં રહેતા આવ્યા છે.

### ચીનના પ્રમુખ અમેરીકન પ્રમુખને મળશે



ચીનના રાષ્ટ્રપ્રમુખ ઝીનપીંગ અમેરીકાના પ્રેસીડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને છ-સાત એપ્રિલના રોજ ફ્લોરીડા ખાતે મળશે. વિશ્વના રાજકીય વર્તુળો આ મુલાકાત પર નજર રાખી રહ્યા છે.

### પ્રધાનમંત્રી મોદી ૧૭મીએ સુરતમાં



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. સુરતમાં સુમુલ ડેરીના ૪૦૦ કરોડના પ્લાન્ટનું ઉદ્દ્ઘાટન કરશે.

### કરણ જોહરના બાળકોને મહેમાનો નહી મળી શકે

કરણ જોહરના બાળકો આખરે તેની દેખરેખ હેઠળ રહેશે. બાળકો પ્રિમેચ્યોર હોવાથી તેમને ઈન્ફેક્શનથી બચાવવા માટે હાલમાં કોઈ મહેમાનને બાળકોને મળવા દેવાશે નહી.

### યુ ટ્યુબને જાહેરાત ન મળતા ગૂગલને ૪૮૮૦ કરોડનું નુકશાન

વાંધાજનક વીડિયો દરમ્યાન જાહેરાત બતાવવા પર અમુક કંપનીઓ દ્વારા પોતાની જાહેરાતને યુ-ટ્યુબ પરથી પાછી ખેંચી લેવાઈ છે. આ પગલાંથી ગૂગલને ૪૮૮૦ કરોડનું નુકશાન થયું છે.

# મહાકૌશલ એક્સપ્રેસ ટ્રેન ખડી પડી : ૨૦૦ ઘાયલ

## ઉત્તરપ્રદેશના મહોબા-કુલપહાડ રેલવે સ્ટેશન વચ્ચે બનાવ : વહેલી પરોઢે ૨.૦૭ વાગે ટ્રેનના આઠ ડબા પાટા પરથી ખડી પડ્યા : ઘાયલ થયેલા લોકો પૈકી ૧૦ની હાલત ગંભીર : રૂટ પર ટ્રેન સેવાને પ્રતિકુળ અસર



મહોબા,તા. ૩૦

ઉત્તરપ્રદેશમાં ટ્રેન દુર્ઘટનાનો દોર જારી રહ્યો છે. ઉત્તરપ્રદેશના મહોબા નજીક જબલપુર-નિઝામુદ્દીન મહાકૌશલ એક્સપ્રેસ ટ્રેન પાટા પરથી ખડી પડ્યા બાદ ઓછામાં ઓછા ૨૦૦ યાત્રીઓને ઈજા થઈ છે જે પૈકી ૧૦ની હાલત ગંભીર જણાવવામાં આવી છે. દિલ્હી જઈ રહેલી ટ્રેનના આઠ કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. જેના પરિણામ સ્વરૂપે ૪૦૦ મીટર સુધીના ટ્રેકને નુકસાન થયું હતું. જાણકાર લોકોએ કહ્યું છે કે તમામ કોચ પારંપારીક હતા અને તેમનું નિર્માણ ચેન્નાઈ કોચ ફેક્ચરીમાં કરવામાં આવ્યું હતું. આ દુર્ઘટનામાં કેટલાક કોચ પાટા પરથી ખડી પડ્યા હતા પરંતુ એકબીજા ઉપર ચડી રહ્યા ન હતા. જેના લીધે દુર્ઘટનાના મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે. દુર્ઘટના બાદ મહાકૌશલ એક્સપ્રેસ એન્જિન અને ૧૦ કોચ સાથે રવાના થઈ હતી. બનાવના એક કલાક પહેલા અન્ય એક ટ્રેન પણ ઘટના સ્થળેથી પસાર થઈ હતી. દુર્ઘટનાગ્રસ્ત થયેલા કોચના ૨૦૦ યાત્રીઓને ઝાંસી લઈ જવા માટે ૧૫ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ત્રિપલ તલાકનો મામલો બંધારણીય બેચને સોંપાયો

## ખૂબ જ સંવેદનશીલ મામલાની સુનાવણી ૧૧મી મેથી હાથ ધરાશે : ચાર દિવસ સુધી સતત સુનાવણી હાથ ધરાશે-ત્રિપલ તલાક, નિકાહ હલાલા, એક કરતા વધુ લગ્ન જેવા તમામ પાસા ઉપર ગંભીરતાથી વિચારણા કરાશે



નવી દિલ્હી, તા. ૩૦

સુપ્રિમ કોર્ટે ત્રિપલ તલાકના મામલામાં ચાલી રહેલી સુનાવણીમાં આજે અતિ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. સુપ્રિમ કોર્ટે સમગ્ર મામલાને પાંચ જજની બંધારણીય બેચને સોંપી દીધો છે. હવે પાંચ જજની બંધારણીય બેચ દ્વારા મુસ્લિમ સમુદાયની અંદર થનાર ત્રિપલ તલાક, નિકાહ હલાલા જેવી પ્રથાઓમાં બંધારણીય આધારે મૂલ્યાંકન કરશે. મામલાની સુનાવણી કોર્ટમાં ૧૧મી મેથી શરૂ થશે. ચાર દિવસ સુધી મામલાની સતત સુનાવણી થશે. આ અગાઉ એનજેએસી મામલાની સુનાવણી પણ ગરમીની રજાઓમાં થઈ હતી. કોર્ટે કહ્યું છે કે ત્રિપલ તલાકના મુદ્દાને લઈને દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી પાંચ જજની બંધારણીય બેચ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. સુનાવણી મે મહિનાથી શરૂ થશે. કોર્ટે ત્રિપલ તલાકના તમામ પાસાઓ ઉપર વિચારણા કરવાની તૈયારી દર્શાવી છે. કોર્ટે ભારપૂર્વક કહ્યું છે કે આ મામલો ખૂબ જ ગંભીર છે અને આને ટાળી શકાય તેમ નથી.

# ફાઈનાન્સ બિલ-૨૦૧૭ સંસદમાં મંજુર

## રાજ્યસભા દ્વારા રજુ કરવામાં આવેલા પાંચ સુધારા ફગાવાયા : રાજ્યસભા દ્વારા પસાર સુધારાઓ પર ચર્ચાને સમેટી લેતા જેટલીએ તર્કદાર રજુઆત કરી : ચૂંટણી ફન્ડીંગ વધુ પારદર્શક બનાવવા ઉપર જેટલીનો ભાર

નવી દિલ્હી, તા. ૩૦

રાજકીય વર્તુળોમાં જેની રાહ જોવામાં આવી રહી તે ફાઈનાન્સ બિલ ૨૦૧૭ને સંસદ દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. રાજ્યસભામાં સુધારાઓને ફગાવી દેવામાં આવ્યા છે. ફાઈનાન્સ બિલ ૨૦૧૭ને મંજુરી આપી દેવામાં આવતા ભાજપ સરકારને મોટી રાહત થઈ છે. ટેક્સ અધિકારીઓને વધુ સત્તા ઉપર કાપ મુકવા સાથે સંબંધિત સુધારાને ફગાવી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજકીય પક્ષોને કંપનીઓ દ્વારા કરવામાં આવતા દાન ઉપર મર્યાદા સાથે સંબંધિત દરખાસ્તને પણ ફગાવી દેવામાં આવી હતી. રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવેલા સુધારા ઉપર ચર્ચાને સમેટી લેતા નાણામંત્રી અરૂણ જેટલીએ કહ્યું હતું કે સરકાર દ્વારા આ સુધારા સ્વીકારવામાં આવ્યા નથી પરંતુ કોંગ્રેસ અને બીજેડી સહિત તમામ રાજકીય પક્ષો પાસેથી સૂચનો આમંત્રિત કરવામાં આવ્યા છે. ચૂંટણી ફેન્ડીંગને વધુ પારદર્શક અને સ્વચ્છ બનાવવા માટે રાજકીય પક્ષોના અભિપ્રાય લેવામાં આવી રહ્યા છે. લોકસભાએ મોડેથી મૌખિક મતથી રાજ્યસભાના સુધારાઓને ફગાવી દીધા હતા. આની સાથે જ ફાઈનાન્સ બિલ ૨૦૧૭ પસાર કરવામાં આવી ચુક્યું છે. આની સાથે જ વર્ષ ૨૦૧૭-૧૮ માટે અંદાજપત્રીય કવાયતની પૂર્ણાહુતિ થઈ છે. જેટલીએ કહ્યું હતું કે રાજકીય પક્ષોને મળતા દાન પૈકી મોટાભાગની દાનની રકમને લઈને પ્રશ્નો સપાટી પર આવતા રહે છે. આ પ્રક્રિયા પાદર્શક રહેલી નથી.

અનુસંધાન પાન-૭ પર

# મોદી દેશના ત્રીજા સફળ વડાપ્રધાન : ગુહા

## ઈતિહાસકાર ગુહાના નિવેદનથી તમામને આશ્ચર્ય

## મોદી-શાહની ટીકા કર્યા બાદ ધમકી મળ્યા પછી નિવેદન



નવી દિલ્હી,તા. ૩૦

નરેન્દ્ર મોદી અને અમિત શાહની ટીકા ટિપ્પણી પર ધમકી મળવાની જાણકારી આપી દીધાના એક દિવસ બાદ જ જાણીતા ઈતિહાસકાર રામચંદ્ર ગુહાએ એક નવું નિવેદન જારી કર્યું છે. દિલ્હીના એક કાર્યક્રમમાં ગુહાએ કહ્યું હતું કે પંડિત જવાહરલાલ નહેરૂ અને ઈન્દિરા ગાંધી બાદ નરેન્દ્ર મોદી ભારતના ત્રીજા સૌથી સફળ વડાપ્રધાન બનવાની નજીક છે. દિલ્હીના લંડન સ્કુલ ઓફ ઈકોનોમિક્સ ઈન્ડિયા સમિટ ૨૦૧૭માં ગુહાએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે નહેરૂ અને ઈન્દિરા બાદ નરેન્દ્ર મોદી દેશના સૌથી સફળ વડાપ્રધાન બનવાની દિશામાં છે. ૬૫ વર્ષીય નેતાનો જાદુ તમામ ઉપર દેખાઈ રહ્યો છે. જાતિ અને ભાષાની મર્યાદા કરતા પણ

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**
બ્લોક નં.૧૮/૪, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન/ફેક્સ : ૦૭૯-૨૩૨૪૯૦૧૭-૧૮
Website : www.guda.gujarat.gov.in

GUDA

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં રહેણાંક તથા વાણિજ્ય એકમો માટે પાણીના કનેક્શન મેળવવા માટેની**

**જાહેર વિજ્ઞપ્તિ**

**જળ એજ જીવન**

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકની ટી.પી.સ્કીમ નં.૧૯ (રાયસણ) અને ટી.પી.સ્કીમ નં.૬ (કુડાસણ)ના વિસ્તારમાં ગુડા દ્વારા પાણી પુરવઠાની કામગીરી પુર્ણ થયેલ છે. જે અન્વયે આ વિસ્તારમાં સોસાયટી / ફ્લેટ / રોહાઉસ બંગલાઓ / કોમર્શીયલ વપરાશ માટે પાણીના કનેક્શનો મેળવવા જરૂરી આધાર પુરાવા સહિત સત્તામંડળની કચેરી ખાતે નિયત કરેલ ફોર્મમાં અરજી કરવાની રહેશે. ગુડા દ્વારા નક્કી કરવામાં આવેલ નિયમ મુજબના ચાર્જીસ લઈ પાણીનું કનેક્શન આપવામાં આવશે. પાણીના કનેક્શન મેળવવાના ફોર્મ રૂ.૨૦/- ની કિંમતે ગુડા કચેરી ખાતેથી સમય ૧૧:૦૦ થી ૧૭:૦૦ કલાક (જાહેર રજાના દિવસો સિવાય) સુધી મળશે. જેથી પાણીનું કનેક્શન લેવા ઈચ્છતા લોકોએ નિયત નમુનામાં સાધનિક કાગળો સહ અરજી કરવા વિનંતી છે.

મુખ્ય કારોબારી અધિકારી
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર

# કેજરીવાલ સામે કોર્ટ કાર્યવાહી પર સ્ટે મુકવાનો કોર્ટનો ઈન્કાર

નવી દિલ્હી,તા. ૩૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદીયા સામે દાખલ કરવામાં આવેલી ફોજદારી બદનક્ષીની ફરિયાદના સંબંધમાં કોર્ટ કાર્યવાહી ઉપર સ્ટે મુકવાનો દિલ્હી હાઈકોર્ટે આજે ઈનકાર કર્યો હતો. જોકે જસ્ટીસ આઈએસ મહેતાએ

● અનુસંધાન પાન-૭ પર

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹22*/500 mL
અમૂલ ગાયનું દૂધ
Amul Cow Milk અમૂલ ગાય દૂધ
*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055/56/57
(Currently available in Ahmedabad, Saurastra & Kutch region only.)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

॥ જય હાટકેશ ॥
ઘરનું શુદ્ધ શાકાહારી
ટીફીન સર્વિસ
સાત્વિક, સ્વાદિષ્ટ ઘરે બનાવેલું શાકાહારી, ગુજરાતી ભોજન
જાન્હવી ગૃહ ઉદ્યોગ
Call : 9924684206
9924684208
હોમ સર્વિસ ફ્રી
(ગાંધીનગર-કુડાસણ-સરગાસણ)

ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
લેહ-લદાખ નુબ્રાવેલી-પેંગોગ
દાર્જીલીંગ ગંગટોક-લાચુંગ-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
કાશ્મીર ગુલમર્ગ-પહેલગામ
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
ચારધામ બદ્રી-કેદાર ગંગોત્રી-યમુનોત્રી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
26562324/22
9427455274
9408643756
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ

No.1 COACHING INSTITUTE FOR CA & CS
GANDHINAGAR • AHMEDABAD • VADODARA
CA CPT Batch Start From 1st April, 2017
ALL INDIA RANKS IN CA FINAL 2016
7th Rank in India
RONAK BAPHNA
44th Rank in India
AKHIL PULAVALA
Highest Number of CA Final Pass Out From Gandhinagar
For CA Coaching, it is NEXT or NOTHING
NEXT COMMERCE EDUCATION PVT LTD
NEXT COMMERCE EDUCATION PVT. LTD.
446, 2nd Floor, Above HDFC Bank, GH-5, Sector - 16, Gandhinagar.
Mo. : 99 24 99 88 99, 94280 35750